Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૯ • તા. ૨૮ સપ્ટેમ્બર થી ૦૪ ઑક્ટોબર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## પારોલા તિર્થ ખાતેના ક.દ.ઓ. જ્ઞાતિના આ વર્ષના પોથીના વરઘોડાની ઝલક












## મિત્રાંજલિ

દોસ્ત કે...
સો સો
સલામ



અરિહંત શરણ :
૩૦-૯-૨૦૧૩

**શ્રી ચંપક રાયચંદ જીવાણી**

જખૌ- ડોંબિવલી

હતા તમે મિત્રતાનો આદર્શ....
તમારી અનુપસ્થિતિનો ખાલીપો,
ક્યારેય નહીં ભરાવવાનો....
ભલે આપતા રહીએ મિત્રાંજલિ વર્ષોવર્ષ....

**શ્રદ્ધાસુમન**

નીતીન રાયચંદ સાયલા - સુથરી
રતીલાલ શામજી મોમાયા - વરાડીયા
નરેન્દ્ર જેતસી શિયાલ - દલતુંગી
રમેશ હીરજી લોડાયા - સુથરી
રાયચંદ દેવશી જીવાણી - જખૌ
મુકેશ ભવાનજી લોડાયા - મો. સિંધોડી
મહેન્દ્ર મેઘજી મોતા - વારાપધ્ધર
નવીન વિશનજી મૈશેરી - જખૌ

## આદરાંજલિ



**શ્રી ચંપક રાયચંદ જીવાણી**


જખૌ- ડોંબિવલી

અરિહંત શરણ : ૩૦-૯-૨૦૧૩

કાળ ન વિસારી શક્યો તમારી સ્મૃતિ,
સતત વર્તાતી તમારી ગેરહાજરી....
કર્તવ્યનિષ્ઠ - સમાજ સેવકની,
આજ સાર્થકતા ખરી !

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# સ્નેહાંજલિ



જન્મ
૨૬-૧૨-૧૯૫૩

દેહવિલય
૧-૧૦-૨૦૧૪

## સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયા

વરાડીયા - હૈદરાબાદ

દિન વિત્યા, માસ વિત્યા, વિત્યુ એક વરસ,
નિખાલસ તસ્વીર નિરખી, મળે પ્રેરણાનો પારસ
વર્ષો વિતશે, યુગો વિતશે, સ્મૃતિ આપની અમર રહેશે,
સત્કાર્યોના શીલાલેખને, કાળ પણ નહિ સ્પર્શશે.
ગુમાવ્યા ભલે અમ સ્પંદનો, શીર છત્ર ને ધબકાર,
રહેશે સદાય અમ હૃદયમાં આપે સિંચેલા સંસ્કાર
હરઘડી હરપળ આપને યાદ કરતો આપનો પરિવાર

સહસ્નેહ વંદન

**લી. લતા મણીકાંત મેઘજી મોમાયા પરિવાર**, હૈદરાબાદ

Gaurav
CATERERS
Where quality counts...

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 39/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**તંત્રી સમીપે :**

## સમસ્ત મહાજન : અસ્ત કે નવોદય ?

વિધિની વિચિત્રતા કરતાં પણ વક્રતા કહી શકાય તેવા જોગ-સંજોગના આટાપાટામાં, આ ડિસેમ્બરમાં પચ્ચીસ વર્ષમાં પ્રવેશનાર જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થા સમસ્ત મહાજનના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ મૂકવો પડે તેવો તખ્તો ત્રણેક સપ્તાહ પૂર્વે સર્જાયો છે.

આ પ્રશ્નચિન્હ્ રાબેતાની ભાષામાં પ્રયોજાય તેવું નથી પરંતુ એક ન હડસેલી શકાય અથવા તો જેને હટાવવાનું બહુ દુષ્કર બન્યું હોય તેવા તોતીંગ પથ્થર જેવા મહાકાય સ્વરૂપનું છે તે હકીકત હોવાં છતાં જ્ઞાતિમાં તે વિષે કોઈ રંજ કે ખેદ વર્તાતો નથી તે ઉપરોક્ત વક્રતાને ઓર ઘનીભૂત બનાવે છે.

અલબત્ત, જ્ઞાતિ અગ્રણીઓમાં એક એવો વર્ગ છે જે વર્ષોથી એમ માને છે કે સમસ્ત મહાજન જેવી કેન્દ્રીય સંસ્થા જેનો મુખ્ય ઉદેશ ભલે જ્ઞાતિના વિવિધ મહાજનો વચ્ચે સંકલનલક્ષી ભૂમિકા અદા કરવાનો હોય પરંતુ વ્યવહારમાં તે મોટા ભા બનવાના ઉધામામાં રચ્યાપચ્યા રહીને વિવિધ મહાજનોના વહીવટમાં ડોકિયું કરી કે અન્ય રીતે ચંચુપાત કરી ઉલ્ટાનું કડવાશનું વાતાવરણ સર્જે છે તેથી તેની આવશ્યકતા જ નથી અને એટલે જ આવી સંસ્થા જે પોતાના અસ્તિત્વના પ્રારંભના ૧૭-૧૮વર્ષ સુધી તદન સુષુપ્ત રહી અને તે પછી છેલ્લાં આઠેક વર્ષથી ખોડંગાતા પગે ચાલી રહી છે, તે બંધ પડી જાય તે કુદરતી જ છે, તેથી તેનો કોઈ અફસોસ ન હોવો જોઈએ.

સામી બાજુ, સતત સકારાત્મક અભિગમ અપનાવનાર બહુ સંખ્ય જ્ઞાતિ અગ્રણીઓ છે જેમણે આ આઠેક વર્ષથી પુનર્પ્રવૃત્ત થયેલ (હકીકતમાં પ્રથમ વાર પ્રવૃત્તથયેલ) કેન્દ્રીય સંસ્થાના સેક્રેટરીજનરલ અને મેનેજીંગ ટ્રસ્ટીઓ તેમજ અન્ય કેટલાક ટ્રસ્ટીઓને સભાનતાપૂર્વક સંયમિત રીતે મહાજનો વચ્ચે સંકલન કરવાની ભાવનાથી પ્રમાણિક પ્રયત્નો કરતા જોયા છે, તેઓ એવો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે કે અત્યાર સુધી સમસ્ત મહાજનના અભિગમ કે કાર્યશીલતામાં જે કોઈ કચાશ હોય તેને સુધારીને થોડી વધારે માત્રામાં તેની સક્રિયતાને ગતિશીલ કરાય તો ચિરંજીવ જ્ઞાતિ ઐક્ય સાધી શકવા માટે આવી કેન્દ્રીય સંસ્થા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

આ બંને સામસામા છેડાના મંતવ્યોને આ પચ્ચીસેક વર્ષ દરમ્યાન એક યા બીજા સમયે સમર્થન આપતા સંજોગોએ સમસ્ત મહાજનના અસ્તિત્વના પાયાને નેસ્તનાબુદ થવાની અણી પર લાવ્યા છે અને પાછા સ્થિર પણ કર્યા છે. એ રીતે આશા નિરાશાની પરિસ્થિતિ સર્જતા આટા પાટા વચ્ચે સમસ્ત મહાજનની ઈમારતમાં જ્ઞાતિજનોની આકાંક્ષાઓ ક્યારેક પ્રકાશનો તો ક્યારેક અંધકારનો અનુભવ કરતી આવી છે.

છેલ્લાં પાંચેક વર્ષ દરમ્યાન, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ પહેલાં સમગ્ર જ્ઞાતિના વિવિધ વિસ્તારોમાં મુલાકાતો લઈ સંપર્ક યાત્રાઓ યોજીને જ્ઞાતિજનો તેમજ અગ્રણીઓ એક છત્ર નીચે એકત્ર થઈ જ્ઞાતિ પ્રશ્નો વિષે પરસ્પર વિચાર વિનિમય કરે તેવો મંચ તૈયાર કર્યો અને તે પછી છેલ્લાં બે વર્ષ દરમ્યાન જ્ઞાતિ સંમેલન બોલાવવા ચક્રો ગતિમાન કર્યા પણ ગત નવેમ્બર (૨૦૧૪)થી એ ચક્રો ઉલ્ટા ફરવા શરૂ થયા ને છેવટે આ ત્રણેક સપ્તાહ પહેલાં બોલાવાયેલ મહાસમિતિની સભામાં એ સ્થગિત થઈ ગયા તે રીતે આ સમય ગાળા દરમ્યાન સમસ્ત મહાજનના કલેવરની સબળતા અને નિર્બળતા - બંનેની

પ્રતીતિ જ્ઞાતિજનોએ અનુભવી.

આ પાર્શ્વભૂમિમાં સમસ્ત મહાજનની ઉપયોગિતાનો મુદ્દો પણ ભલે પ્રસ્તુત બનતો હોય પરંતુ તેની મહાસમિતિની ત્રણેક સપ્તાહ પહેલાંની ઉક્ત સભામાં જે રીતે ઉગ્ર વાદવિવાદ થયા તેનો વિચાર કરીએ તો આ કેન્દ્રીય સંસ્થાની ઉપયોગિતાનો પ્રશ્ન સાવ હાંસિયામાં ધકેલાઈ જાય અને સદંતર ગૌણ બની જાય તેવા અંતિમે આવી ગયો છે.

અલબત્ત, એ પણ સૂચક છે કે મહાસમિતિની આ સભામાં મુખ્યત: મુંબઈ વિભાગના સભ્યો અને ટ્રસ્ટીઓ અને તેમાં પણ મુંબઈના મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના વહીવટમાં તાજેતરમાં મુખ્ય અને અગ્રિમ ભૂમિકા અદા કરી ચૂકેલ અને હાલ કરી રહેલ અગ્રણીઓ હાજર રહ્યા હતા અને મુંબઈ બહારથી માત્ર ચાર-પાંચ સભ્યોએ જ જ્ઞાતિ સંમેલન બોલાવવા જેવી અગત્યની કાર્યસૂચી ધરાવતી આ સભાને મહત્વ આપ્યું હતું.

એ રીતે તો સમસ્ત મહાજનની મહાસમિતિની અને ટ્રસ્ટબોર્ડની છેલ્લાં પાંચેક વર્ષ દરમ્યાન અને તેમાં પણ છેલ્લાં આઠ-દસ મહિનામાં યોજાયેલ સભાઓમાં દસ-પંદર અને ક્યારેક તો ચાર-પાંચ સભ્યો- ટ્રસ્ટીઓ જ ઉપસ્થિત રહેતા હોય છે તેનોજો વિચાર કરીએ તો આઠેક વર્ષ પહેલાં આ સંસ્થાને પુનર્ગઠિત કરાઈ ત્યારે આ સંસ્થાના મુખ્ય સંચાલકોની વિનવણી-મનવણીથી જ જુદા જુદા વિસ્તારોમાંથી સભ્યો-ટ્રસ્ટીઓની નિમણુંક કરાઈ હોય તેવી સંભાવના વધુ છે કે તે વખતે સમસ્ત મહાજનના ધ્યેય અને ઉદેશને અનુલક્ષીને સભ્ય કે ટ્રસ્ટી બની જ્ઞાતિમાં નવી આશાઓ સર્જતા વાતાવરણમાં સામેલ થવા તેમણે હોંશભેર તત્પરતા બતાવી હોય અને તે પછી થોડા સમયમાં સંસ્થાની સાર્થકતા વિષે ભ્રમ નિરસન થતાં સક્રિયતા ઓછી કરી નાખી હોય તેની સંભાવના વધુ છે એ વિષે ભલે મત-મતાંતર હોઈ શકે પરંતુ અત્યારે સમસ્ત મહાજનનું આખું માળખું જ ડામાડોળ બન્યું છે તેના જે મુખ્ય બે કારણો તપાસીએ તો પ્રથમ તો મહાસમિતિના મુંબઈ સિવાયના વિવિધ વિસ્તારોના અધિકાંશ સભ્યો અને ટ્રસ્ટીઓ સંસ્થાથી તદન વિમુખ થઈ ગયા છે તે છે અને બીજું, મુંબઈ મહાજનના અને અનંતનાથજી ટ્રસ્ટના વહીવટમાં છેલ્લાં પાંચેક વર્ષથી ખેલાતા આવતા રાજકારણને પરિણામે ઉદભવેલ તીવ્ર વૈમનસ્યતામાં બાખડતા બે મુખ્ય જુથોના નેતૃત્વ ધરાવતા કેટલાક અગ્રણીઓ સમસ્ત મહાજનની મહાસમિતિ અને ટ્રસ્ટબોર્ડમાં સભ્યપદે અને ટ્રસ્ટીપદે પણ હોતાં તેની સભાઓમાં પણ તેઓ આ રાજકારણને છુટો દોર આપતા હોય છે, તે છે.

આ ઉપરાંત જ્યાં સુધી જ્ઞાતિ સંમેલન બોલાવવા અંગે છેલ્લાં અઢીવર્ષથી સમસ્ત મહાજનની મહાસમિતિએ વખતોવખત લીધેલા નિર્ણયોનો સંદર્ભ-પ્રશ્ન છે ત્યાં સુધી તેની પાછળ જ્ઞાતિના એક કુટુંબના સાતેક વર્ષ જુના વ્યવસાયિક વિખવાદે એક માત્ર સુત્રધાર તરીકેની ભૂમિકા ભજવી છે અને મહાસમિતિની ઉપરોક્ત છેલ્લી સભામાં પણ તેનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો તે એક વરવી


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at per at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at per મુંબઈ હોવો જોઈએ.

વાસ્તવિકતા છે અને તે એક જુદી ચર્ચાનો વિષય છે.

મહાસમિતિની ઉક્ત સભાએ સંમેલન બોલાવવાનું હાલ તુરત મોકુફ રાખ્યું છે અને ૧ લી એપ્રિલ ૨૦૧૬થી શરૂ થનાર નવી ટર્મની મહાસમિતિના સભ્યોની નિમણુંક કરવાની દિશામાં પગલાં લેવાના ચક્રો ગતિમાન કરવાનું ઉચિત માન્યું છે.

આ સભાઓની મિનિટ્સ બુકમાં આ નિર્ણયો બાબતે ભલે સુષ્ઠુ સુષ્ઠુ ભાષા વપરાશે પરંતુ હકીકતમાં જે ટ્રસ્ટીઓ અને સભ્યો એ સભાઓમાં ઉપસ્થિત રહ્યા હતા તેમણે આ સભાઓ પછી પણ એક યા બીજા કારણસર પોતપોતાના ધુંધવાટ બાકી રાખ્યા છે અને સામસામા હારજીતના હિસાબનો ચોપડો હજી પણ ખુલ્લો રાખ્યો છે તેમ કહીએ તો ઝાઝી અતિશયોક્તિ વિના ઉક્ત બંને સભાની કાર્યવાહીઓનો સારાંશ આવી જાય તેમ છે.

એ જે હોય તે, મૂળ પ્રશ્ન તો એ જ રહે છે કે હાલના તબક્કે આજથી સાંઈઠેક વર્ષ પહેલાં તે વખતની કેન્દ્રીય સંસ્થા મધ્યસ્થ મહાજનની જેમ શું આ સમસ્ત મહાજન પણ બંધ થવાની રાહે ઝડપથી આગળ વધી રહ્યુ ં છે? અલબત્ત, આવા નિષ્કર્ષ પર પહોચવું ઘણું વહેલું ગણાશે.

મહાસમિતિ અને ટ્રસ્ટબોર્ડની સભા સાથે સમસ્ત સાથે સંકળાયેલ જ્ઞાતિ આગેવાનો વચ્ચેના વ્યક્તિગત તથા જૂથરૂપે ટકરાવનો તેમજ માત્ર પ્રતીકાત્મક સક્રિયતાનો એક અધ્યાય પૂરો થયો છે.

હવે સમસ્તમાં કોને મોકલવા એનો નિર્ણય કરવા માટે જ્ઞાતિના વિવિધ સ્થાનિક મહાજનો અને વતનનાં ગામોના મહાજનોના સભ્ય એવા ૧૮ વર્ષથી મોટી વયના બધા જ્ઞાતિજનોને તક મળવાની છે. તેઓ જો આ તકનો યોગ્ય ઉપયોગ કરીને નોંધપાત્ર પ્રમાણમાં તરવરીયા યુવાનો અને સક્રિય મહિલાઓને સમસ્તનું સુકાન સોંપે તો આ સંસ્થા તેના બંધારણની તથા અન્ય બધી મર્યાદાઓ છતાં ઘણી ક્ષમતા ધરાવે છે.

અલબત્ત, પીઢ આગેવાનોએ પણ પોતાના જાહેરજીવનના અનુભવનો આ કેન્દ્રીય સંસ્થાને તેની રજત જયંતિએ નવો પુખ્ત સમાજકારણનો અધ્યાય શરૂ કરવા માટે લાભ આપવાનો છે.

પીઢ આગેવાનોનો અનુભવ, યુવાશક્તિનો ઉમંગ અને નારી શક્તિની રચનાત્મકતાનો સંગમ આ સંસ્થાને નવું રૂપ આપી નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ બનાવશે એમાં શંકાને સ્થાન નથી.

**રા.**


શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

## શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫

જય જય મહાકાલી માતા

### સૌ ભાવિકોને મહાકાલી દેવીના ૨૦મા વાર્ષિક ભક્તિઉત્સવે પધારવા આમંત્રણ

**અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીના દર વરસની જેમ સમુહ પૂજન પહેડી ભક્તિ ઉત્સવ આસો સુદ ૬ રવિવાર તા.૧૮.૧૦.૧૫ ઘાટકોપર સભાગૃહ - શ્રી રાષ્ટ્રીય શાળા સ્થાને સવાર ૮ થી ૨ ઉજવાશે.**

કાર્યક્રમ : ૮.૩૦ થી ૧૧ મહાપૂજન પહેડી, ૧૧.૨૦ મહા આરતી, ૧૧-૨ પ્રસાદ સાધર્મિક ભક્તિ, ૧૦ થી ૧ ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશેરી અને સાથી કલાકારો મા ની ભક્તિ સંગીતસહ કરશે.

### ૨૦માં વરસનો મુખ્ય સહયોગી

**શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર**, મુલુંડ-સુથરી
**શ્રી ફાઈવ સ્ટાર કેટરર્સ**, ભાડુંપ
**માતુશ્રી દિવ્યાબાઈ દામજી લોડાયા**
**માતુશ્રી પુષ્પાબાઈ પદમશી મોમાયા**, ઘાટકોપર-જખૌ
**માતુશ્રી ભાનુમતી શાહ**
**અ.સૌ.પ્રવીણા રમેશ શાહ**, કોચીન-માંડવી

હમેશની જેમ આપસૌ ભાવિકો ગુરૂભક્તોને માતાજીના દર્શન વંદન વધામણા પૂજન પહેડી પ્રસાદ ભક્તિ સંગીત ઉત્સવમાં પધારવા મંદિર-ટ્રસ્ટ ૨૦ વરસના સહયોગી પરિવાર તરફથી સ્નેહપૂર્વક આમંત્રણ.

નોંધ : આગામી ૨૧માં વરસનો ભક્તિ ઉત્સવ ૨૦૭૨ આસો સુદ ૨ રવિવાર ૦૨.૧૦.૨૦૧૬ ના થશે.
તેનો દાતા પરિવાર નામ જાહેર કરી સન્માન ૨૦ માં ઉત્સવે આરતીબાદ થશે.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ** જય અનંતનાથ **જયમહાકાલીમાના દર્શને ઘાટકોપર પધારશો.**

# સુથરી દેરાસર (તિર્થ)ની રોનક ક્યાં ગઈ ?

અંદાજે ૭૦ (સીત્તેર) વર્ષ પહેલાં રાણપુર-લાલા છોડીને અમે સુથરીમાં રહેવા આવ્યા. અમે સુથરી આવ્યા ત્યારે સ્વ. શેઠશ્રી દામજી જેઠાભાઈનો બસ સ્ટૉપની બાજુનો બંગલો બંધાતો હતો. મારા ભાઈ સ્વ. ગોવિંદજી ત્યાં કામે લાગ્યા હતા એવું મને યાદ છે. અમે આવ્યા તેના થોડા સમય પછી સ્વ. શેઠશ્રી આર.કે. ખોનાની હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું હતું. ત્યારે આપણા કચ્છના રા'બાવાને બોલાવવામાં આવ્યા હતા. સુથરી દેરાસર અને આપણી 'દ શાઈ'નો ભવ્ય ભૂતકાળ મેં જોયો છે. વળી અપમાન અને ભોંઠપ પણ અમે (ભૂ.પૂ. નાની ન્યાતે) અનુભવ્યાં છે. મહાજનવાડીના દ્વાર અમારા માટે બંધ હતા. દેરાસરમાં ધાર્મિક વિધિઓની મનાઈ હતી. કર્મની કઠણાઈ એટલી કે સુથરીનું દેરાસર ગુર્જર જ્ઞાતિના એક મોવડીનું બંધાવેલું હોવા છતાં ભૂ.પૂ. નાની ન્યાતના સભ્યોને ત્યાં ધાર્મિક વિધિઓની મનાઈ હતી. પણ ઘૃતકલ્લોલ દાદાની અમારા પર અસીમ કૃપા થઈ અને સને ૧૯૫૬માં (શતાબ્દી મહોત્સવ પ્રસંગે) અમને ધાર્મિક વિધિઓની છૂટ મળી ગઈ અને મહાજનવાડીના દ્વાર પણ અમારા માટે ખૂલી ગયા.




સુથરી દેરાસરના બીજા ટ્રસ્ટીઓની જાણકારી મને ન હતી, પણ સ્વ. રાયચંદભાઈ કારાણી અને સ્વ. ભવાનજીભાઈ છેડાને તો અમે વર્ષોથી ટ્રસ્ટીઓ તરીકે ઓળખતા. શ્રી કુલીનભાઈ કારાણી (વડોદરા)ની દોસ્તીને કારણે હું અવારનાર શ્રી રાયચંદભાઈના ઘરે જતો. મારા જેવા સામાન્ય પરિસ્થિતિના છોકરાને ત્યાં સારું એવું માન-સન્માન મળતું. પૂ. ભવાનજીભાઈ આપણું ધ્યાન ન હોય તો પણ સામેથી બોલાવતા. આપણને કઈ તકલીફ હોય તો તેને દૂર કરવાની કોશિશ તેઓ અવશ્ય કરતા. આજના જમાનામાં કોણ પૂછે છે ?

મને અને મારા કુટુંબીજનીને દુઃખ પહોંચાડનારી એક વાત રજૂ કર્યા વગર મારું મન માનતું નથી. મારા ભાઈ સ્વ. વિસનજી શ્રી સુથરી પાંજરાપોળમાં નોકરી કરતા હતા. એક દિવસ અચાનક ત્યાં ઘાસચારાનું વજન કરતાં તેમની એક (સાજી-નરવી) આંખમાં કંઈક વાગી ગયું લોહી નીકળવા લાગ્યું એક-બે આપણા ભાઈઓ પણ ત્યાં કામ કરતા હતા. કોઈએ મદદ ન કરી. ઘરે પણ ન પહોંચાડયા. એક મુસ્લિમ ભાઈ તેને ઘરે મૂકી ગયા હતા. હકીકતમાં સીધા માંડવી હૉસ્પિટલમાં પહોંચાડવાની જરૂર હતી. પણ અફસોસા મારા ભાઈની એક આંખ જેનાથી એ જોઈ શકતા હતા તે આંખ જ ખોટી થઈ ગઈ. એક આંખ તો નાનપણમાં જ શીતળાના રોગમાં ખોટી થઈ ગઈ હતી. તે પછી મારા ભાઈએ અંધાપામાં જ બાકીની જિંદગી પસાર કરી !

સુથરી દેરાસરના કોઈ ટ્રસ્ટીએ મારા ભાઈની પૂછા સુદ્ધાં નહોતી કરી. એક ટ્રસ્ટીએ બહાનાબાજી કરી કે મહેતાજીએ અમને જાણ નહોતી કરી. સાવ ખોટી વાત પણ દિલની વાત કરું તો (ઘણા સમય પછી) શેઠશ્રી ભવાનજીભાઈ એ મારી સાથે ફોનપર વાત કરતાં પોતાની ભૂલ કબૂલ કરી હતી. આ જ તેમની મહાનતા હતી ! આવીજ એક ઘટનામાં અન્ય કોમના એક ભાઈને સારું એવું વળતર ચૂકવવું પડ્યું હતું. મને આપણી જ જ્ઞાતિના એક ભાઈએ વળતર માગવાની સલાહ આપી હતી. વળતર ચૂકવવૂં ન પડે એ માટે તો બહાનાબાજી કરવામાં આવી હતી. જ્યાં વળતર મળવાનું જ ન હતું

અનુસંધાન પાના નં. ૯ પર


જૈનમ્ જયતી શાસનમ — ટ્રસ્ટ રજી. નં. A2640(Ahmedabad)

શ્રી આદિનાથાય નમઃ શ્રી વિમલનાથાય નમઃ શ્રી અનંતનાથાય નમઃ જય જય ગરવી ગુજરાત

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ**

રજી.ઓફીસ-: ''અમીત'' 5-પરસાણા નગર, જંકશન પાછળ, રાજકોટ - 360 001.

સરક્યુલર નં. ૬/૧૫ — ૨૩-૧૦-૨૦૧૫

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમનીઆગામી જનરલ મીટીંગ તા.૧૮-૧૦-૧૫ ને રવિવારે સવારના ૧૧-૦૦ કલાકે જામનગર મુકામે નીચેના એડ્રેસ પર રાખવામાં આવેલ છે.

**શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ**

શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ,સોલેરીયમ ક્રોસ લેન, સરદાર પટેલ હાઈસ્કુલની બાજુમાં, ઈન્કમટેક્ષ ઓફીસની પાછળ. **જામનગર**

મો. ૯૧-૯૮૨૫૦૯૪૫૭૯ શ્રી તિલકચંદ જે. ખોના -ઉપ પ્રમુખ

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની ૦૧-૦૨-૨૦૧૫ ની જનરલ મીટીંગ ની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. એકમના ૩૧-૩-૨૦૧૫ ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ -કિતાબ.
૩. એકમના ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટે અંદાજીત બજેટ .
૪. એકમના ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.
૫. બંધારણ સુધારણા બાદ ચેરીટી કમીશનર પાસે નોંધણી બાબત.
૫. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા- વિચારણા કરવા બાબત.

નોંધ-(૧)કોરમના અભાવે જો મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.
(૨) ફકત તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ, સભ્યોને માત્ર પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહી.
(૩) નોંધ - સર્વે સભ્યો તથા આમંત્રીત મહેમાનો માટે મીટીંગ બાદ ભોજનની વ્યવસ્થા **માતુશ્રી લક્ષ્મીબેન જંયતીલાલ હંસરાજ ખોના પરિવાર-મોટી ખાવડી** તરફથી છે.

સેક્રેટરી મુકેશ માણેકજી લોડાયા

પત્ર વ્યવહાર માટે કાર્યાલય નું એડ્રેસ
સેક્રેટરી શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ મુકેશ માણેકજી લોડાયા
-: સાંચરા સદન, અચલગચ્છ જૈન ભવન પાછળ, કોર્પોરેશન વોર્ડ ઓફીસની બાજુમાં, જીપીઓ પાસે, રાવપુરા,વડોદરા-390 001(ગુજરાત) મો. 09426403337, ઈ-મેઈલ forumarts@yahoo.com



**રાજેશ આણંદજી ખોના**

**આર એ કે કૉમોડિટીઝ**

Member MCX

A-8, Gaurav Annex, RRT Road, Mulund (W), Mumbai-80.

**Phone : 2590 1312 / 098208 05701**



**જ્યોતિ** — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / 93222 58574**

## જન્મદિન જી જજી જજી વધાઈયું

**''પૂ. ગુણોદયસૂરી છે અનેકોનાં ઉપકારક,
મૌન અને તપસ્યાના જે મહાન ધારક,
ભવ્યાત્માઓનાં બન્યા છે ખરા તારક,
તેમના ૮૪મા જન્મદિને ગાઈશું ગીત બનીને ગાયક''**

અસ્ત થયા વિન... ગ્રસ્ત થયા વિના... સદાયે પ્રકાશતો સૂરજ એટલે

### ગુરૂદેવ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ

આપણા અનંત શુભકર્મોના ઉદયે આવા ઉચ્ચાત્મા આપણને પ્રાપ્ત થયા છે. તપસ્યામાં સળંગ ૪૯/૪૯ વર્ષીતપનાં આરાધક ગુરૂ વિશ્વમાં પ્રથમ નંબરે છે. તીર્થંકર તુલ્ય ગુરૂદેવનાં જેટલાં ગુણવાન કરીએ તેટલાં ઓછા જ છે. આ ગુરૂદેવ પાસે એટલી તાકાત છે કે આપણા અવગુણોનો નાશ કરી ગુણવાન બનાવી દે. બસ, જરૂરી છે ગુરૂસાનિધ્યની. જેના દ્વારા આત્મા પરમાત્મા બનવાની નેટ પ્રેક્ટીસ કરી શકે.

**''બરફનો સ્વભાવ છે ઠારવાનો, અગ્નિનો સ્વભાવ છે બાળવાનો,
ઝેરનો સ્વભાવ છે મારવાનો, ગુરૂ ગુણોદય નો સ્વભાવ છે તારવાનો''**

ભાદરવા સુદ-૧૫ ના દિવસે ગુરૂ ગુણોદયસૂરિનાં જન્મદિન નિમિત્તે, મીતભાષી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભનિશ્રામાં તેમજ પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ના શુભ સાનિધ્યે વીશસ્થાનક તપની સામુહિક આરાધના ઉપવાસ દ્વારા તેમજ ''શ્રી ભક્તામર મહાપૂજન'' શ્રી અનંતનાથ જૈન દેરાસર, મસ્જિદબંદર સંઘના આંગણે કરાવવામાં આવશે. તો સૌ આરાધકોને તેમાં જોડાવવા માટે હાર્દિક આમંત્રણ.

**''ગુરૂભક્તિમાં ગુરૂચરણે બનીશુ મસ્તાન
વીશ સ્થાનક આરાધી જીવન બનાવીશું મહાન....''**

Happy Birth day to our Guruji



Happy Birth day to you....

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને
તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
શ્રી. ક.દ.ઓ. મસ્જીદ બંદર જૈન સંઘ**

**ગુરૂજી અમારા મનના મોતી....
ગગનમાં જઈ કોક લાવો ગોતી....
આંખો અમારી છાનું છાનું રોતી....
દર્શન કરવા આપનું વાટડી જોતી....**

ગુરૂદેવ .... આપતો હતા અંતરખોજી, મુક્તિ મેળવવા મોજી, નિત્ય જ્ઞાનામૃતભોજી. અરિહંતની આજ્ઞા મુજબ જીવન જીવનારા તેથી ન હતી સાધનામાં ખામી, હતા ઈન્દ્રિયોના દમી, થયા નિરભિમાની... માટે તો હે ગુરૂદેવો... આપના પરલોક ગમનનાં વર્ષો વિત્યાછતાં ગુરૂભક્તોના હોઠ ઉપરથી આપનું દિવ્ય નામ ભુંસાતું નથી. વિરલ વ્યક્તિત્વના સ્વામી એવા સ્વાધ્યાયપ્રેમી, બાલ-બ્રહ્માચારી પ.પૂ. ગુરૂદેવ શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. ની ૨૦મી તેમજ શાસનપ્રભાવિકા, સચોટ માર્ગદર્શક પ.પૂ. ગુરૂદેવ શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ની ૧૨મી પુણ્યતિથી પ્રસંગે મીતભાષી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ ની શુભનિશ્રામાં શ્રી અનંતનાથ જૈન સંઘ મસ્જિદ બંદર મધ્યે યોજાશે ગુરૂગરિમા મહોત્સવ જેમાં છે સૌ જ્ઞાતિજનો સાદર આમંત્રણ...

### ત્રિદિવસિય મહોત્સવની રૂપરેખા :-

- **તા. ૩૦/૯/૨૦૧૫ ભાદરવા વદ-૩, બુધવાર**
  શ્રી દેસાવગાસિક સામાયિક સહ ગુરૂદેવોનાં ગુણાનુવાદ..
  સવારે ૯.૦૦ કલાકે
- **તા. ૧/૧૦/૨૦૧૫ ભાદરવા વદ - ૫, ગુરૂવાર**
  શ્રી શત્રુંજય ગિરિરાજ નાં ૯૯ અભિષેક સહ
  ''ઋષભની શોભા શી કહું'' અનુષ્ઠાન
  સવારે ૯.૦૦ કલાકે
- **તા. ૨/૧૦/૨૦૧૫ ભાદરવા વદ - ૫, શુક્રવાર**
  વિઘ્નનિવારક શ્રી નમિઊણ મહાપૂજન
  સવારે ૯.૦૦ કલાકે

**Guru Means - A Well - Wisher,
An Ocean of Love & Virtue**

મહાન ગુરૂમૈયાઓનાં ચરણોમાં ભાવાંજલી અર્પવાનાં અનુપમ પ્રસંગે પધારજો સૌ સાજન માજન ને સંગે...

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને
તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
શ્રી. ક.દ.ઓ. મસ્જીદ બંદર જૈન સંઘ**

# ચતુર્થ પુણ્યતિથિએ સ્મરણાંજલિ



## માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા

(કચ્છ : રાપર ગઢવારી)

અરિહંત શરણ : તા. ૨૫/૦૯/૨૦૧૧

**''હે પુણ્યશાળી આત્મા માતુશ્રીને સહવંદના''**

આપને અરિહંત દેવકૃપાથી જૈન કુળમાં જનમ મળ્યો,
તમારૂ જીવન ધર્મ પરાયણતા કૌટુંબિક લાગણી પરોપકારની ભાવના
જીવમાત્ર પ્રત્યે દયા, ભાવ, કરૂણતા, તપ, જપ અને દાનનું પ્રવાહ
વહેડવાવી આપણા અમુલ્ય ગુણોનો વારસો સગા સબંધી
સ્નેહીજનોને આપી જીવન પ્રેરણાની પગદંડી બની તમારી સ્નેહરૂપ મિઠાસ
અને સંસ્કારની સૌરભ સદાય હૃદયમાં વહેતી રહેશે.

**: આપના શોકમાં સહભાગી :**

**માતુશ્રી જેઠીબાઈ કેશવજી હરપાર મોતા પરિવાર** – રાપર ગઢવારી

**માતુશ્રી રતનબેન શામજી નાગશી નાગડા પરિવાર** – નલીયા

**MOTA TRADING PVT. LTD.**

**MUMBAI**

CHINTAN GRAPHICS • 25084463

અનુસંધાન પાના નં. ૬ પરથી

ત્યાં ફોગટની જીભ ઘસાવવાનો શો અર્થ ?

સુથરી દેરાસરની જે રોનક હતી તેમાંથી ૫૦ (પચાસ) ટકા પ.પૂ.શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા. લઈ ગયા. ૪૦ (ચાળીશ) ટકા શેઠશ્રી ભવાનજીભાઈ લઈ ગયા. હવે ૧૦ (દશ) ટકા નામ પૂરતી રોનક રહી છે. પહેલાં જેવી રોનક પાછી લખવવા માટે ભગીરથ પ્રયાસો કરવા પડશે. દેરાસરજીના રોજ-બ-રોજના કામો ઉપર દેખરેખ રાખવા માટે સ્થાનિક ટ્રસ્ટીની ખાસ જરૂર છે. સ્થાનિક ટ્રસ્ટી હોય તો પણ તે ટકશે કે કેમ એ સવાલ છે ! જ્યાં મહેતાજી સરખા ટકતા નથી ત્યાં સ્થાનિક ટ્રસ્ટી ક્યાંથી ટકે ? આ બાબત ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

ટ્રસ્ટીઓની ચૂંટણીઓ ક્યારે થઈ ? મહાજનની મિટિંગો નિયમિતપણે યોજાય છે ? જો યોજાતી હોય તો સૌ સભ્યોને એની વિગતવાર માહિતી આપવામાં આવે છે ? પ્રશ્નો ઘણા બધા છે. ગામાઈ ભાઈઓના સાથ-સહકારથી જ નિર્ણયો લેવાય એ જોવાની ટ્રસ્ટીઓની ફરજ છે. એક સામાન્ય વ્યક્તિનું યોગદાન પણ મહત્વનું બની શકે છે. સૌને મિચ્છામિ દુક્કડમ્.

– શામજી પદમશી છેડા, સુથરી, ગાંધીધામ


LAJITA BHARAT KHONA

**TECH-PRINT DATA FORMS**

ATM ROLLS, PIN MAILERS, COMPUTER STATIONERY

B/15, Mahamaya, S.N. Road, Tambenagar,
Mulund (W), Mumbai-400 080.
Mob.: 099301 53064 • Email : techprintdata@gmail.com



**SALE OF EMBROIDERY SAREES AND KURTEE**

**DISCOUNT 20% To 50%**

- ★ Hand and Machine Parsi Gara 20%
- ★ Kurtee and Heavy Suit 20%
- ★ Fancy Sarees 20%
- ★ Tested Kasab Saree 20%
- ★ Chaina Choli 20%
- ★ Kasab Border 20%
- ★ Heavy Blouse 20%
- ★ Plain Saree Material 20%
- ★ Make to Order 20%
- ★ Alltration Work 20%



WE BUY REAL JARI SAREE GARCHOLA - BORDER AT BEST PRISE

KARIGAR SAMPLE SAREE 50% DISCOUNT

**SALE PERIOD**
WED. 14-10-2015 to WED 11-11-2015

**SHREE MAHAHIR EMBROIDERY**
Mahavir Compound, Matunga, Mumbai - 400 019.
Tel.: 022-2402 5070 / 86522 39537

OPEN ALL DAYS TILL DIWALI


## બાંડીયા ગામ જ્ઞાતિજનોનું સ્નેહમિલન તા. ૧૧/૧૦/૨૦૧૫

સહર્ષ જણાવવાનું જે આપણા ગામ જ્ઞાતિજનોનું ૭મું સ્નેહમિલન કાર્યક્રમ **રવિવાર, તા. ૧૧/૧૦/૨૦૧૫ના રોજ શેઠશ્રી નરશીનાથા હૉલ, અનંતસિધ્ધિ, ભાંડુપમાં બપોરે ૩.૦૦ વાગ્યે શરૂ થશે.** જેમાં હંમેશાની જેમ સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક ઈનામ વિતરણ, તપસ્વી બહુમાન, ઉચ્ચ કાર્ય અનુમોદના તથા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

તો એમાં ભાગ લેનારે જરૂરી માહિતી જેવી કે સાંસ્કૃતિક કાર્યક્રમ આપનારની વિગત, અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યા કરનાર તપસ્વીઓના નામ, S.S.C. સુધી પાસ થયેલ વિદ્યાર્થીઓના પરિણામની નકલ વગેરેની **વિગતો તા. ૬/૧૦/૨૦૧૫ પહેલાં મંડળના અધિકારીઓને આપવા ખાસ વિનંતી છે.**

આ સમારંભમાં સૌ ગામ જ્ઞાતિજનો તથા ગામ દીકરી જમાઈને પણ જરૂર જરૂરથી પધારવા આગ્રહ ભરી વિનંતી છે.

તો અમારા હાર્દિક આમંત્રણને માન આપીને સૌએ સમયસર પધારવા વિનંતી છે. સાંજના પ્રીતી ભોજનનો લાભ આપીને પછી જ સૌએ વિદાય લેવાની છે.

લિ. **શ્રી ક.દ.ઓ જૈન મિત્ર મંડળ - કચ્છ બાંડીયા વતી**

પ્રમુખ : **હંસાબેન હીરાચંદ પટેલ** (98694 78225)
માનદ્ મંત્રી : **પારસ લહેરચંદ પટેલ** (98202 61072)
ઉપપ્રમુખ : **મણીકાંત રાયશી લોડાયા** (93243 92323)
સહમાનદ્ મંત્રી : **કીરીટ દામજી લોડાયા** (99308 89806)
ખજાનચી : **તીલકચંદ કુંવરજી લાલકા** (74980 55051)

**: સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સંપર્ક :**

**વાસંતી કીરીટ લોડાયા** (98202 53715)
**પુષ્પાબેન મણીકાંત લોડાયા** (93236 71290)



।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ।।

# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા


ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૧-૨૨૨૩૩૭

Email : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪




**શ્રી નલીયા અને તેના વાડાના ગામવાસી જ્ઞાતિજનો, યુવાજનો અને નિયાણી બહેનો સહ પરિવાર...**

સાદર જયજિનેન્દ્ર,

પર્યુષણ પર્વના પુનિત દિવસોમાં આપશ્રી રૂડો ધર્મલાભ લઈને પાવન પાથેય અંકે કરીને રૂડી પેરે ઉજવ્યા હશે. અહિંયા પણ પર્વાધિરાજના પાવન પગલે અમે સૌએ આત્મશ્રેયી લાભ લીધો છે. આજ સુધીના સમય દરમિયાન આપણા પરસ્પરના વ્યવહારમાં અમારાથી કોઇપણ પ્રકારે આપનું દિલ દુભાવ્યુ હોય તો બેઉ કર જોડી

# ક્ષમાપના

**મુક્તિ દૂત છે ક્ષમા મંત્ર, અંતઃકરણમાં બસ રમતો રાખીએ, મહાવીર દર્શન થાય અવશ્ય ઘટઘટમાં, નિહાળીશું જો અંતરપટમાં, રાગ-દ્વેષ-લોભ ત્યાગી, અંતઃ કરણથી ક્ષમા ચાચીએ છીએ. હૈયાના હાટ ખુલ્લા રાખીએ અને મૈત્રી ભાવનાના મયુર ટહૂકાવીએ**

આપ સૌને અને આપના સ્વજનોને **મિચ્છામિદુક્કડમ્**

આપણા ગામના વતની ભાઈ બહેનો પરસ્પર સંપર્ક કેળવીને ભાતૃભાવનાથી ગામના યુવાજનો સાથે ઉજ્જવળ ભાવિમાટે રચનાત્મક પ્રવૃતિઓનું આયોજન યોજી શકે તેવા શુભહેતુથી....

## રવિવાર તા. ૧૧.૧૦.૨૦૧૫ સામૂહિક ક્ષમાપના - સ્વામિવાત્સલ્ય તથા સ્નેહમિલનોત્સવમાં સવારે ૯.૩૦ કલાકે પધારવા

# નેહભર્યુ નિમંત્રણ

**શુભસ્થળ : લાયન્સ ક્લબ, કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા આયોજિત સામૂહિક ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સ્નેહમિલનોત્સવમાં આપને સહ પરિવાર પધારવા આમંત્રણ આપતા આનંદ સહ ગૌરવ અનુભવીએ છીએ. જેમાં નિમ્નદર્શિત કાર્યક્રમો ક્રમાનુસાર શરૂ થશે. તો યુવાજનો સહ દરેક ભાઈ - બહેનો એ સમયસર પધારવા વિશેષ વિનંતી છે.**

**દિપ પ્રગટય - માંગલિક - મીઠો આવકાર - તપસ્વીઓની અનુમોદના - સરસ્વતી સન્માન - સામૂહિક ક્ષમાપના, સંગીત સ્વરાંકિત કાર્યક્રમ શ્રી મહેન્દ્ર શાહ પ્રસ્તુત લોકપ્રિય કલાકાર શ્રી ચેતન ગઢવી ની સંગતમાં, ભાવભરી રંગતમાં માણીશું. પછી સ્વામિવાતસલ્ય - ગેમ શો - આભારવિધિ - અલ્પાહાર પછી સાંજે કાર્યક્રમ સમાપન. ગેમ-શો માં વૈવિધ્યભરી વિવિધ રમતો રમીશું, નલીનપુર નારી નિગમના સથવારે.**

**આપણી જ્ઞાતિના પરસ્પરના વાત્સલ્યમયી વહેવારને વહેતો રાખવાનો છે શુભ હેતુ,**
**પરસ્પર સંપ, સ્નેહ, સદ્ભાવને અકબંધ રાખવા, સર્જીએ સેવા સમર્પણનો સેતુ.**

-: સમારંભ પ્રમુખ :-

શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન - નલીયા)

-: અતિથિ વિશેષો :-

શ્રેષ્ઠીવર્ય શ્રી કલ્પેશ માણેકજી મોતા (પ્રમુખ : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ)

શ્રેષ્ઠીવર્ય શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપશીયા (સામાજીક ક્ષેત્રે અગ્રેસર)

શ્રેષ્ઠીવર્ય શ્રી જયંત ભવાનજી સોની (અગ્રણીય બિલ્ડર)

-: વિશેષ આમંત્રીત :-

શ્રી સતીષ દેવજી શાહ - બેંગ્લોર - નલીયા, શ્રી પ્રજેષ વિરચંદ નાગડા (પટેલ) હુબલી - નલીયા

આવતી કાલના સમયના કાર્યોની લગામ યુવાજનો ના હાથમાં છે. માટે દરેક કાર્યક્રમ માં યુવાજનો રસ ધરાવે એ સમાજ ના હિતમા છે.

આ અનેરા પ્રસંગે જરૂરથી પધારવા ફરીથી આમંત્રિએ છીએ. આપસૌના સાથ અને સહકારના અભિલાષી

એજ આપના સ્વગતાભિલાષી

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા ટ્રસ્ટીગણ અને ચાર્તુમાસ - સ્નેહ મિલન સમિતિ ના જયજિનેન્દ્ર**

**સહયોગી સંસ્થાઓ : ❖ શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલીયા**

**❖ શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ (શ્રી ચંદ્રપ્રભ અતિથી ભવન) ❖ શ્રી નલિનપુર નારી નિગમ - મુંબઈ**

**સ્નેહમિલનોત્સવ પ્રસંગે અનવિકસા બ્લડબેંક ના સહયોગ થી રક્તદાન શીબીરનુ આયોજન કરેલ છે.**

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સંઘ - ભાંડુપ દ્વારા ચાર્તુમાસિક દાતા પરિવારોનું અભિવાદન












# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સંઘ - ભાંડુપ
# દ્વારા ચાર્તુમાસિક દાતા પરિવારોનું અભિવાદન












# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સંઘ - ભાંડુપ
# દ્વારા ચાર્તુમાસિક દાતા પરિવારોનું અભિવાદન






















જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ

K.D.O. STUDENTS ASSOCIATION
Estd. 1954

62 Shree KDO Students Association

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત**
**સરસ્વતી મહાપૂજન (શ્રુતજ્ઞાન પૂજન)**

## સરસ્વતી મહાપૂજન

**શુભ દિવસ**
રવિવાર, તા. ૧૮.૧૦.૨૦૧૫
સમય : બપોરે ૨.૦૦ કલાકે...
ચૌવિહાર વ્યવસ્થા રાખેલ છે.



**દિવ્યકૃપા**

શાસન સમ્રાટ અચલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

**શુભાશિષ**

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મહારાજા
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભનિશ્રા**

પ.પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.સા. ના વિદુષી
પ.પૂ.સા. શ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા
'નિરંજન પુણ્ય' પરિવારના સરળ સ્વભાવી
પ.પૂ.સા. શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.

સારા વિચારોનું વૈભવ પામવું છે ?
સારા સંસ્કારોથી જીવન શોભાવું છે ?
તીક્ષ્ણ બુદ્ધિનું માલિક બનવું છે ?
તોતડાતી જીભ, વારંવાર ભૂલવાનો સ્વભાવ
દૂર કરવું હોય તો...
લેસન, સૂત્ર, પાઠ યાદ ન રહેતા હોય તો,
ઓજસ્વી, તેજસ્વી, સત્વશાલી બનવું હોય તો...
પધારો સરસ્વતી મહાપૂજનમાં...

**શુભ સ્થળ**

શેઠશ્રી નરશી નાથા (એ.સી) બેન્ક્વેટ હોલ,
અનંત સિદ્ધી, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ) – ૪૦૦ ૦૭૮.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના માત્ર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ... રજીસ્ટ્રેશન જરૂરી

**સંપર્ક : 9930909383/9819985339/9022295750/8898451456**

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના સર્વે પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિ, સર્વે કાર્યકરો,
અને સર્વે સભ્યો વતીથી સર્વે જ્ઞાતિજનોને મિચ્છામી દુક્કડ્મ !

## અભિનંદન



**ચિ. હર્ષ ભૂપેન્દ્ર ભાટે (લાપસીયા)**
(કોઠારા – મુલુંડ), (ઉં.વ. ૧૯)

**હર્ષને** દુનિયાની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી M.I.T. (Massachusetts Inst. of Technology) માં Electrical Engg. & Computer Science Course માં Third Year માં પ્રવેશ પ્રાપ્ત થયેલ છે.

**ઉપરાંત....**

**હર્ષને** ઓક્ટોબર-૨૦૧૫ માં Jerusalem (Israel) માં 66th International Astronautical Conference માં Main Author તરીકે Research Paper on Beam Forming & RF Synthesis Present કરવા આમંત્રણ મળેલ છે.

**ઉપરાંત....**

**હર્ષને** ઓક્ટોબર-૨૦૧૫ માં The American Institute of Aeronautics & Astronautics માં SRMSAT - A Feasibility Study on Small Satellite Mission to Moon પર પોતાનું Co-Author તરીકે Paper Present કરવા આમંત્રણ મળેલ છે.

**તે બદલ અંતરના અભિનંદન....**

લી. પિતા : **ભૂપેન્દ્ર માણેકજી ભાટે** (મુલુંડ) માતા : **હર્ષા ભૂપેન્દ્ર ભાટે**
દાદાણા : **શ્રી માણેકજી ચાંપશી ભાટે પરિવાર** (કોઠારા-નાગપુર)
નાનાણા : **શ્રી ત્રિકમજી વીરજી સોની ખજૂરવાલા પરિવાર** (વાંકુ-વડાલા)



।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**તપસ્યા કરતાં કરતાં હોકે ડંકા જોર બજાયા હો....**

**બાળ તપસ્વી વત્સલની ભુરી ભુરી અનુમોદના....**

માતુશ્રી : **જમકુબાઈ લાલજી લોડાયા (પટેલ)**ના પ્રપૌત્ર

## વત્સલ હિતેશ ગોવિંદજી પટેલ, ગામ : સાંધવ – મુલુંડ

**ઉ.વ. ૧૦ : ૮ ઉપવાસ**


**માદરે વતન ગુરૂદેવના સત્સંગે નાની ઉમરમાં**

**દેવગમ્યા... દેરાસર ગમ્યાં... ગુરૂના ઉપદેશ ગમ્યાં... ધર્મ ગમ્યો ને ધર્મ આરાધનાઓ ગમી...**
**જેના પ્રભાવે બાળપણામાં જ મકકમ મનોબળથી પુર્ણ થઈ આરાધના**
**વત્સલની કરીએ ભૂરી ભૂરી અનુમોદના**

| | | | |
|---|---|---|---|
| દાદા-દાદી | : વિજયા ગોવિંદજી લાલજી પટેલ | નાના-નાની | : નયના સોમચંદ વિસનજી ખોના અને મધુરી જીતેન્દ્ર ખોના |
| માતા-પિતા | : હેતલ હિતેશ ગોવિંદજી પટેલ | કાકા-કાકી | : પ્રિયા વિપુલ ઠાકરશી પટેલ અને નિખિલ પટેલ |
| ભાઈ | : નેવિલ, સમિત, મોક્ષીલ, કનિષ્ક | ફઈ-ફુવા | : કિંજલ મેહુલ નાગડા અને તેજલ વિનિત ખોના |
| મામા | : દિપેશ, હિતેશ ખોના | માસી | : મિતલ કાજલ ખોના |

## સાંધવની ધરતી પર

**૯ ઉપવાસ તપશ્ચર્યાની અનુમોદના...**



**અ.સૌ. હેતલ હિતેશ ગોવિંદજી પટેલ**

ગામ : સાંધવ – મુલુંડ

અમારા કુટુંબની પુત્રવધુ **હેતલ** એ સાસરીયાના સંસ્કારને પોતીકા કરી, પવિત્ર તહેવારને શ્રધ્ધાપૂર્વક માન આપી પરમ પવિત્ર પર્યુષણ પર્વમાં તપ ઉપવાસની સુંદર આરાધના કરેલ છે. તેના તપની પટેલ પરિવાર ભૂરી ભૂરી અનુમોદના કરતાં ગર્વ અનુભવે છે.

સાસુ-સસરા : **અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ**

સાંધવ – મુલુંડ

## અમારા તપસ્વી જમાઈરાજની અનુમોદના

**૮ ઉપવાસ**



**શ્રી વિનિત ઉતીન વિજયસિંહ ખોના**

ગામ : નલિયા – મુલુંડ

**હાથ જોડીને આરંભ સમારંભના પચ્ચખાણ કરી**
**કર્મની નિર્જરા માટેના પગલા ભર્યા**
**વંદન, વંદન, વંદન, તપસ્વીને કરીએ વંદન...**
**તમે બનાવ્યું જીવન ચંદન !**

સાસુ-સસરા : **અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ**

સાંધવ – મુલુંડ

## SMART COMMUNITY NITI – UDAAN.

(By **Tilakchand K.L.** Fmr Chief Commissioner of IT. ourbrotherhood@yahoo.co.in: 9940636646)

**Dear Fellow KDOs,**

Our community is young and has big dreams. As we journey towards realising them, KDO Community inches closer to greatness. Because a community of dreamers like you, is a community that will keep on shining. But to reach the goal, to finish bigger, better and brighter, you have to put your best in the LAST MILE of the journey towards progress. So let's be SMART and begin with SMART COMMUNITY NITI – UDAAN. This SOCIAL STARTUP (The entire NITI was hosted on the Website kdoglobalsummit.com/wp) is proposed to be launched during the KDO GLOBAL SUMMIT ON IT and EMERGING BUSINESSES at Bengaluru to be held on 8th & 9th January, 2015.

With your one SMART initiative, you aren't just fulfilling your dreams, you are not only helping your fellow KDO brother/ sister to realise their aspirations but also the goals of the Community – a community which aims to be one of the best social groups in the world from all parameters.

LET THIS SOCIAL STARTUP ATTAIN THE STATUS OF THE BEST BUSINESS STARTUPS IN THE WORLD.

**UDAAN- BADE SAPNOKI SAHI SHURUAAT.**

### For Engineers who wants to go to USA

NRI Shri Jayantbhai Nagda (Rangpur) who is engineer and working in the field of Computer & IT field and he is staying in USA since 1989. He has shown interest in helping engineers from computer science and electronic field in getting jobs in USA. KDO Engineers who are interested exploring opportunity in USA can email their cv with all details to Jayant bhai directly on his ID jayantn@yahoo.com with copy to Hirachand Dand on his E-mail ID hirachanddand@gmail.com.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.


|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

પ્રથમ પહેડી રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ ના શુભારંભ થતા...આજે પા પા પગલી કરતા

"શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા" ની પહેડી ૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે...

શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર ભાવિકોમાં આનંદ ખુશી લહેરાઈ રહી છે...

## "શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની સપ્તમ (સાતમી) પહેડી

**શ્રી લાલા – સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**શુભ દિન :** રવિવાર, તા. ૨૪-૧-૨૦૧૬ સવારનાં ૯ થી ૨ ક. • **મંગલ આરતી :** ૧૨.૩૯ કલાકે

**સ્થાન :** જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ એ.સી. હોલ, અનંતસિદ્ધિ, ભાંડુપ (વે), મુંબઈ.

**: લાભાર્થી પરિવારો :**

શ્રી શામજી નરશી દંડ

શ્રી નવીનભાઈ હીરજી દંડ -વેરાવલ

શ્રી હિરાચંદ નરશી દંડ

શ્રી મણીલાલ પદમશી દંડ – ઈન્દોર

શ્રી નરશી ચાંપશી દંડ (સાંધવ) હ. રીતેશ

માતુશ્રી માનબાઈ વાલજી પુનશી દંડ, હ. પ્રદિપ ચંદ્રકાંત દંડ

સંગીત : શ્રીમતી ચેતના હરિયા એન્ડ પાર્ટી

**વિશેષ કાર્યક્રમ**

**તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન**

ધોરણ ૧ થી ૧૨ અને ગ્રેજ્યુએટ અને ઉપરના વિદ્યાર્થીઓનું (રીઝલ્ટ / માર્કસશીટ સાથે)

**તપસ્વીઓનું બહુમાન**

અઠ્ઠાઈ, અઠ્ઠાઈ થી ઉપરની તપસ્યા વરસીતપ અથવા અન્ય વિશિષ્ટ તપસ્યા

સંપર્ક : પ્રવિણભાઈ દંડ (લાલા) - ૯૮૨૧૮૪૪૧૪૪ • મહેશભાઈ દંડ (સાંધવ) - ૯૩૨૩૯૦૦૭૩૯

(તા. ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં)

**વડીલ વંદના**

૭૦ વર્ષ થી ઉપરના વડીલોનું બહુમાન

**લાભાર્થીઓનું બહુમાન**

|| જય શ્રી સચ્ચાઈ માં || **દર્શનાભિલાષી :** શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ) શ્રી સુર્યકાંત હીરજી દંડ (ઉપપ્રમુખ) || જય શ્રી દેશરમા ||

# શ્રી ક. દ. ઓ. જૈન સંઘ, પુના

ટ્રસ્ટ રજિ. નં. : ૩૦૮/૨૦૦૪/પુણે

C/o. જે. ડી. રોડલાઈન્સ, ૭૦૮/૧૮, ભવાની પેઠ, ગુરૂનાનક નગર, પુના ૪૧૧૦૪૨.

પુના સંઘમાં પર્યુષણ પર્વ ની ઉજવણી ખુબજ સુંદર રીતે પાર પડેલ. તા. ૨૦-૯-૨૦૧૫ ને રવિવાર ની સુપ્રભાતે રાજીવ ગાંધી ઓડીટોરીયમમાં, અઢીસો થી વધુ જણાની ભરખમ હાજરી સાથે, સામુહિક ક્ષમાપના તથા સ્વામીવત્સલ નો કાર્યક્રમ ખુબજ આનંદ ઉલ્લાસ અને અવ્વલ સફળતા સાથે સંપન્ન થયેલ. નવકાર તથા સામુહિક ક્ષમાપના બાદ, આપણા **''જ્ઞાતિ શિરોમણી''** શેઠ શ્રી નરશીનાથા ની છબીને હાર પહેરાવવાનો ઉત્તમ લાભ 'એજ્યુકેશન ફોરમ' દ્વારા લેવાયેલ **''તપસ્વી બહુમાન''** નો લાભ, શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર, હસ્તે ચેતનભાઈ રતાણી દ્વારા લેવાયેલ.

શ્રી દિનેશભાઈ પદમશી મોમાયા ને **''અતિથિ વિશેષ''** તરીકે સન્માનિત કરાયેલ. કાર્યક્રમનું સંચાલન સૌ. ભાવના ખુશાલ મહેશ્વરી તથા શ્રી. દુષ્યંત નરેન્દ્ર લાપસિયા દ્વારા સુંદર રીતે થયેલ.

પ્રમુખ સૌ. હિનાબેન રતાણી તથા અતિથિ વિશેષ, શ્રી દિનેશભાઈ દ્વારા સભાને સંબોધિત કરાયેલ. સૌ. હિનાબેને ઓડીટોરીયમના બુકીંગ માટે શ્રી. સંજયભાઈ ધરમશી, શ્રી. મંગલભાઈ ભાટે તથા શ્રી. ખુશાલભાઈ મહેશ્વરી ના વિશેષ સાથ સહકાર માટે ખાસ આભાર માનેલ. **''શૈક્ષણિક બહુમાન''** નો કાર્યક્રમ, પોતાની આગવી શૈલીમાં શ્રી. પ્રશાંતભાઈ લાલકા દ્વારા થયેલ. ત્યાર બાદ સૌ સુંદર, સ્વાદિષ્ટ અને મનભાવન ભોજન નો આસ્વાદ માણી છુટા પડેલ.

## -: ભાગ્યશાળી દાતાઓ :-

| | | |
|---|---|---|
| ૧) | **સ્વપનાના દિવસે ચૌવિહાર** (રૂા. ૧૫,૦૦૦/-) | : શ્રીમતી ભારતીબેન હંસકુમારભાઈ ખીમજી ના સ્મરણાર્થે, હસ્તે શ્રી હંસકુમારભાઈ ખીમજી |
| ૨) | **સાંવત્સરીક પ્રતિક્રમણની પ્રભાવના** (રૂા. ૬,૦૦૦/-) | : માતુશ્રી વિજયાબેન દેવજી વીરજી નાગડા પરિવાર, હસ્તે શ્રી જયંતભાઈ દેવજી નાગડા |
| ૩) | **શૈક્ષણિક બહુમાન** (રૂા. ૨૦,૦૦૦/-) | : શ્રી. દુષ્યંતભાઈ નરેન્દ્ર લાપસિયા (રૂા. ૫૦૦૦/-)<br>શ્રી. રમેશભાઈ ભવાનજી મૈશેરી - લોનાવલા (રૂા. ૫૦૦૦/-)<br>શ્રીમતી પરવીનબેન શીવ પ્રસાદ (રૂા. ૫૦૦૦/-)<br>શ્રી. લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર, હસ્તે કાંતાબેન રતાણી (રૂા. ૫૦૦૦/-) |
| ૪) | **સ્વામિવત્સલ મુખ્ય દાતા** (રૂા. ૫૧,૦૦૦/-) | : શ્રી જેઠાભાઈ નરશી લોડાયા પરિવાર, હસ્તે શ્રી. દિનેશભાઈ લોડાયા (રૂા. ૨૫,૫૦૧/-)<br>શ્રી. લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર, હસ્તે શ્રી. સિરાજ રતાણી તથા શ્રી. ચેતન રતાણી (રૂા. ૨૫,૫૦૧/-) |
| | **સહાયક મુખ્ય દાતા** (રૂા. ૩૧,૦૦૦/-) | : શ્રીમતી લીલા રાયચંદ નાગડા (રૂા. ૧૫,૫૦૦/-)<br>ડૉ. દિપાલી યોગેશ શાહ (રૂા. ૧૫,૫૦૦/-) |
| | **સહાયક દાતા (રૂા. ૧૧,૦૦૦/-)** | : માતુશ્રી માકબાઈ લધાભાઈ મોમાયા, હસ્તે શ્રી અમૃતભાઈ મોમાયા-વરાડિયા |
| | **સંઘ સહાયક દાતા** (રૂા. ૭,૫૦૦૦/-) | : શ્રી પ્રવિણભાઈ ખેતશી કુરૂવા<br>શ્રીમતી ચંદનબેન શાંતિલાલ શાહ (દંડ) નાંદગાંવ<br>શ્રીમતી ઉષાબેન હરિશ મુનવાર ના સ્મરણાર્થે, હસ્તે શ્રી હરિશભાઈ મુનવર |

૫) રૂા. ૧૧,૦૦૦/- શ્રી શરદભાઈ કાંતિલાલ નાગડા, પુત્ર ચિ. ચિરાગ ની અઠાઈ નિમિત્તે શ્રી મેડીકલ ફંડ માં લખાવાયેલ.

૬) શ્રી. ક. દ. ઓ. જૈન સંઘ, લોનાવલા, દ્વારા તા. ૨૫-૧૦-૨૦૧૫ ના શરદ પુનમ નો કાર્યક્રમ, લોનાવલા ખાતે પ્રાયોજીત કરવામાં આવેલ છે. સંઘ સૌ દાતાઓનો ખુબ ખુબ આભારી છે.

## સ્વપ્નના ચઢાવા ના પ્રાથમિક અંદાજ

### રાઉંડ ફિગરમાં ઉતરતા ક્રમે - સંકલન : શરદ શાહ

- અનંતનાથ જિનાલય - મસ્જિદ બંદર ૮.૫૦ લાખ મણ
- સાંયરા ૭.૨૫ લાખ મણ
- ઘાટકોપર ૫ લાખ મણ ● સાંધવ ૫ લાખ મણ
- આદેશ્વર જિનાલય ભાંડુપ ૨.૬૦ લાખ મણ
- વારાપધર ૧.૨૭ લાખ મણ ● રાપર ગઢ ૧.૧૬ લાખ મણ
- કોઠારા ૧.૦૩ લાખ મણ ● બાંઢીયા ૧ લાખ મણ
- બાયઠ ૧ લાખ મણ ● પરજાઉ ૯૦ હજાર મણ
- જસાપર ૭૫ હજાર મણ ● સુથરી ૬૫ હજાર મણ
- જખૌ ૬૧ હજાર મણ ● નલિયા ૫૩ હજાર મણ
- વરાડીયા ૩૪ હજાર મણ ● મોટી સિંધોડી ૨૧ હજાર મણ




**ક્ષમાપના**

કરતા રોજ કરમ વગર વિચારે...
કર્યું સાંવત્સરીક પ્રતિક્રમણ ચઢતા ભાવે...
હૈયું બોલ્યું જિનાજ્ઞા સહારે...

**મિચ્છામિ દુક્કડમ**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા ( લલાપો) સહપરિવાર**
બાયઠ - મુલુંડ (વીમા એજન્ટ - રીયલ એસ્ટેટ એજન્ટ)
સંપર્ક : **09930008339**


### ધી વેજીટેરીયન સોસાયટી દ્વારા પ્રવચન માળા

ધી વેજીટેરીયન સોસાયટી દ્વારા સોમવાર, તા. ૫/૧૦/૧૫થી બુધવાર, તા. ૭/૧૦/૧૫ના કે.સી. કૉલેજ, દિનશા વાંછા રોડ, ચર્ચગેટ ના હૉલમાં રોજ સાંજે ૬ વાગે પ્રવચનો આયોજન કરવામાં આવ્યું છે. તા. ૫/૧૦ ના પર્યાવરણપ્રેમી શ્રી બિટ્ટુ સહગલ વેજીટેરીયનિઝમ એન્ડ ક્લાયમેટ ચેંજ, મંગલવાર, તા. ૬/૧૦ જૉઈંટ કમિશનર ઓફ પોલિસ (ક્રાઈમ) પબ્લિક એવેરનેસ અને બુધવાર, તા. ૭/૧૦ના કિશોર કુવાવાલા લાફ્ટર એન્ડ ઓન્ટરનેટીવ મેડીસીન.

### વર્લ્ડ જૈન કોન્ફેડરેશન : અહિંસા એક પ્રચંડ તાકાત

વર્લ્ડ જૈન કોન્ફેડરેશન દ્વારા અહિંસા એક પ્રચંડ તાકાત વિશે આંતરધર્મીય સેમિનારનું આયોજન રવિવાર તા. ૪/૧૦/૨૦૧૫ ના સવારે ૯.૩૦થી ભારતીય વિદ્યા ભવન, ચૌપાટી, મુંબઈ ૭ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ધર્મગુરૂની ઉપસ્થિતિમાં જાણિતા પ્રવચનકારો આ વિષયની છણાવટ કરશે.


શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુળજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**


## સાંધવગામે થયેલી ઉગ્ર તપસ્યા

**૪૬ ઉપવાસ :**
શ્રી હીરાચંદ કુંવરજી કુરૂવા - ગોધરા

**૧૧ ઉપવાસ :**
પુણીમાં કમલેશ દંડ સાંધવ (પાચોરા)

**૯ ઉપવાસ :**
હીરાવંતી હરીશ ખોના સાંધવ (ઘાટકોપર)
હેતલ હીતેશ ગોવિંદજી પટેલ (મૌન) (સાંધવ - મુલુંડ)

**૮ ઉપવાસ :**
વત્સલ હીતેશ ગોવિંદજી પટેલ સાંધવ (મુલુંડ)
ગુલાબચંદ લખમશી નાગડા (જખૌ - પાચોરા)
અમીત લક્ષ્મીચંદ લોડાયા (નલિયા - ડોંબીવલી)
નિલમબેન નવિનચંદ્ર લોડાયા (સાંધવ - મુલુંડ)
કલ્પનાબેન શાંતિલાલ લોડાયા (સાંધવ)
જયશ્રીબેન ઝવેરચંદ લોડાયા (સાંધવ - ડોંબીવલી)
નયનાબેન વિરચંદ ખોના (સાંધવ - ડોંબીવલી)
પ્રવિણાબેન પરેશ દંડ (સાંધવ - ડોંબીવલી)
અનીતા જેઠાલાલ દંડ (સાંધવ - સાંધવ)
કુંજલ પ્રિયકાંત દંડ (સાંધવ - ડોંબીવલી)
જયાબાઈ મણીલાલ લોડાયા (સાંધવ - મુલુંડ)
પ્રેમીલાબેન મંગનલાલ દેઠીયા (કોટડી - ડોંબીવલી)
રંજનબેન દામજી નાગડા (નારાયપર - ડોંબીવલી)
કાશમીરા ચિમનલાલ ધરમશી (પટી - અંમરનાથ)
રમીલાબેન મોહનલાલ સોની (નલિયા - ભાંડુપ)
લક્ષ્મીબેન મેઘજી છેડા (નલિયા - માંડવી આશ્રમ)
કલ્પનાબેન પ્રતાપ ધરમશી (સાંધાણ - ડોંબીવલી)

### પર્યુષણ સમાચાર અને તપસ્વી યાદી મોકલવા સંઘોને વિનંતી

સંઘોને પોતાના પર્યુષણ સમાચાર અને તપસ્વી યાદી મોકલવા સાથે વિનંતી કે આવનારા અંકોમાં બધાજ સંઘોના સમાચાર અને યાદીનો સમાવેશ કરાવાનો હોવાથી તેઓ પોતાના સમાચાર મુદ્દાસર મોકલે. વ્યક્તિગત રીતે તપસ્યાની વિગતો મોકલનારાઓને વિનંતી કે તેઓ પોતાના નામ, પોતાના સંઘમા લખાવે અને આગ્રહ કરે કે સંઘ સમયસર યાદી મોકલે. વ્યક્તિગત તપસ્યાના સમાચાર ખાસ અપવાદ સિવાય ધ્યાનમાં લેવાય.

**વિવિધ સંઘો - જિનાલયોના ઘી ના સમાચારમાં લાભાર્થીઓની વિગતો ન મોકલવા ખાસ વિનંતી. જ્ઞાતિસ્તરીય મુખ્ય જિનાલયોના અપવાદ સિવાય પોથી - પારણાના વરઘોડા કે તપસ્વી સન્માનના વરઘોડા ની તસ્વીરો માત્ર જાહેર ખબર રૂપેજ લેવાશે**


શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## આરોગ્ય પ્રકાશ :
## ગરમ પાણી પીવાથી વજન ઊતરી શકે ?

**પ્રશ્ન : જમ્યા પછી હૂંફાળું પાણી પીવાથી વજન ઊતરે ?**

ઉત્તર : નિયમિત કસરત, તંદુરસ્ત આહાર અને ખૂબ બધું પાણી પીવાથી શરીર તંદુરસ્ત રહે છે. પાણી શરીર માટે ઓઈલનું કામ કરે છે. જેમ મોટરના એન્જિનમાં ઓઈલ રેડવાથી એ દોડતી રહે એમ પાણીથી શરીરનું એન્જિન દોડતું રહે છે...

ગરમ કે સહેજ હૂફાવેલું પાણી પાચનમાં મદદરૂપ થાય છે. સદીઓથી, વિવિધ સંસ્કૃતિમાં જમ્યા પછી ગરમ પીણું લેવાનો રિવાજ ચાલ્યો આવે છે. ભરપેટ લંચ લીધા પછી હૂંફાવેલું પાણી પીશો તો એ ઝટ પચી જશે. જો કે જમ્યા પછી ગરમ પાણી પીવાથી કેલરી ઓછી થાય એના કોઈ વૈજ્ઞાનિક પુરાવા તો નથી, પણ અવું બની શકે કે જમ્યા પછી એક ગ્લાસ હૂંફાવેલું પાણી પીવાથી તમારું પેટ ભરાઈ જાય ને પછી મોડે સુધી કંઈ ખાવાની જરૂર રહેશે નહીં કે ખાવાની ઈચ્છા નહીં થાય. એ રીતે શરીરમાં કેલરી ઓછી જશે. વળી, પાણી એક એવું પ્રવાહી (લિકિવડ) છે, જેમાં ઝીરો કેલરી છે. ડ્રાય સ્કિન (રૂક્ષ ત્વચા)ની કે કબજિયાતની સમસ્યા હોય એમને પણ વધુ ને વધુ પાણી પીવાથી ફાયદો થશે.

**પ્રશ્નઃ માઈક્રોવેવ ભોજનમાંથી પોષક તત્વોનો નાશ કરી નાખે એ વિશે જાતજાતની થિયરી વહેતી રહે છે. હકીકત શું છે ?**

ઉત્તર : રાંધ્યા પછી ભોજનમાં પોષક તત્વો કેટલા સમય સુધી રહે એનો આધાર એને કેટલી હીટ (આંચ અથવા તાપમાન), કેટલું પાણી વાપરવામાં આવ્યું છે અને કેટલા લાંબા સમય સુધી એને રાંધવામાં આવ્યું એની પર રહેલો છે. તમે ખાવાનું બનાવો-ખાસ કરીને શાક, ત્યારે જો એમાં પાણી વધારે હોય, એને ઉચ્ચ તાપમાન પર (હાઈ ટેમ્પરેચર) લાંબા સમય સુધી રાંધ્યા કરો તો તમારી કૂકિંગ મેથડ (માઈક્રોવેવમાં કે ગૅસ-કૂકર પર) ગમે તેવી હોય એમાંથી પોષક તત્ત્વ જળવાઈ રહે છે. આનું કારણ એ કે કૂકરની સરખામણીએ માઈક્રોવેવ ઉચ્ચ તાપમાન પર વધુ ઝડપથી ખાવાનું રાંધી કાઢે છે. બીજી એક વાત ખાસ યાદ રાખવી


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com


## વતનના વહેણ : કચ્છનું દૂધ લખોંદ દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટમાં પ્રોસેસ થઈ દુબઈ - અરબસ્તાન જશે

જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક તરીકે રાજ્યભરમાં મોખરાના સ્થાન તરફ આગળ ધપતી ‘સરહદ ડેરી’ની વાર્ષિક સામાન્ય સભામાં લાખોંદ પાસે રૂા. ૧૦૦ કરોડના દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના અને કચ્છનું દૂધ અખાતમાં મોકલવાની જાહેરાત કરાઈ હતી. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, કચ્છના દૂધની ગુણવત્તા અને સારા ઉત્પાદનથી સંતુષ્ટ આ ડેરી દ્વારા આગામી દિવસોમાં મુંદરા-કંડલાથી દરિયાઈ માર્ગે દૂધ તથા દૂધની પ્રોડક્ટ આરબ દેશોમાં મોકલવાનો તખતો ગોઠવાઈ રહ્યો છે.

શ્રી હુંબલે જણાવ્યું હતું કે, ડેરી દ્વારા ૧૮ શીત કેન્દ્રો મહિને ૪૦ કરોડ, વર્ષે ૪૦૦ કરોડ અને નફાનું બોનસ ૧૬ કરોડના ચૂકવણા થવાથી દૂધ ઉત્પાદકો અને પશુપાલકોની જિંદગી બદલાઈ ગઈ છે.


મિચ્છામિ દુઃક્કડમ્

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે
મિત્તિ મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ.

Sona Foods

Biscuits: Fruit | Kaju | Osmania | Kesar Badam Pista




ડિસ્ટ્રીબ્યૂટરશીપ માટે સંપર્ક : 9930732226
અથવા ઈમેલ marketing@sonafoods.co.in



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### દેવલાલીમાં ધર્મ આરાધના



દેવલાલી નગરે, શ્રી શાંતિનાથ દરબારમાં જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ભાવિકોએ શ્રાવકના વ્રતોનો સ્વીકાર કરીને જીવનની ધન્યતા અનુભવી છે. આ પ્રસંગે વ્રતધારીઓનું ચાંદીની ગીનીથી બહુમાન કરવાનો લાભ શ્રીમતી લીલાબેન વિરચંદ ખોના હુબલીવાળાએ લીધો. શ્રી સંઘ તરફથી તથા કસ્તુરચંદભાઈ તરફથી પણ વ્રતધારીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

દેવલાલી નગરે ચાર્તુમાસ દરમ્યાન શ્રી દેવસિક પ્રતિક્રમણ અભિયાન ચાલુ છે. સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા નિત્ય પ્રતિક્રમણ આરાધનામાં જોડાયા છે. પ્રતિક્રમણ પ્રભાવનાનો લાભ માતુશ્રી ઈન્દુબેન વિરચંદ નાગડા (નલીયા-હુબલી) લઈ રહ્યા છે.

### શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

હર હમેશ મુજબ આ વરસે પણ ખાનદેશ મંડન શ્રી પારોલાતીર્થના શ્રી શાંતિનાથદાદાના છત્રછાયામાં પર્યુષણ મહાપર્વમાં ઈંદૌર, ગોવા મુંબઈ તેમજ પારોલાતીર્થના આજુબાજુ વસતા જ્ઞાતિ ભાઈ બહેનોની સારી સંખ્યા હતી. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈ થી આરાધક ભાઈ લાલજી પદમશી વિસરીયા અને રાજેશ મણીલાલ નાગડા આવ્યા હતા. પર્યુષણ મહાપર્વમાં કુલઘૃતમણ ૯૭૫૦૦ થયેલ. કલ્પસુત્ર (પોથી) ધૃતમણ ૭૦૩માં કુ.મેહા પીયુષ ડાઘા (ગોએરસમા) પારોલાવાલાએ તેમજ પારણો ધૃતમણ ૫૦૦૧માં શાંતિલાલ હરીલાલ ઘંઘુઠીયા (માંગરોળ) પારોલા વાળાએ પધરાવેલ. પર્યુષણ મહાપર્વ દરમ્યાન ૩ અઠ્ઠાઈ, ૩ અઠ્ઠમતપ, ૨ સમોસસીતપ આયંબિલ તપ અગ્રેસણા-બેયાસણા સૌ તપસ્વી શાતાપુર્વક તપસ્યા કરેલ. તપસ્વીઓનું બહુમાન શ્રી પારોલાતીર્થના પ્રમુખ સાહેબના વતિએ ૨૧૧ જેઠાભાઈ કુવરજી જીવાણી(જખૌ) નાશીક વાલાએ કરેલ તેમજ તપસ્વીઓના પારણા કરાવવાનું લાભ શા દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા) ભુસાલવાલાએ લાભ લીધેલ. શેઠશ્રી નરશીનાથા છબીને હાર ચડાવવાનો લાભ ગં.સ્વ હિરાવંતીબાઈ મણીલાલ લોડાયા ધુલીયાવાલાએ લીધેલ. ત્યારબાદ શ્રી સંઘના પ્રમુખ સાહેબના હસ્તે શ્રી રસોડાસમિતિ, આંગીસમિતિ, સ્નાત્ર મંડળ તેમજ નાના બાળકોને પ્રોત્સાહન બક્ષીસ આપવામાં આવેલ. ભાદરવા સુદ ૬ના ક્ષમાપના બાદ શ્રી પારોલાતીર્થમાં આરાધના કરવામાં આવેલ. ભાવિકોને ચાર્તુમાસર્થે બિરાજમાન સાધ્વીશ્રીજી ભગવંતોને વંદન કરવા ધરણગામ અને દેવલાલી શ્રી સંઘએ ચૈત્યપરિપાટી કરાવેલ. (૨૦૧૫ થી ૨૦૨૦) પાંચવરસ માટે કારોબારી કમેટી તથા ટ્રસ્ટબોર્ડ માટે નિયુક્ત કરવામાં આવેલ.

ટ્રસ્ટબોર્ડ : ધનપતિ કુવરજી મોમાયા-જલગામ, અશોક લાલજી પોલડીયા-જલગામ, દલેશ જવેરચંદ મોમાયા-ચાલીસગામ, વીપુલ ગુલાબચંદ ડાઘા-અમલનેર, તીલકચંદ પદમશી લોડાયા-અમલનેર. કારોબારી કમેટી : દિપક દામજી પોલડીયા-ભુસાવલ, પીયુષ ચંદુલાલ ડાઘા-પારોલા, ગોવિંદજી નેણસી સોની-ધુલિયા, દિનેશ કુલીનકાંત લોડાયા-જલગામ, કિરીટ ભવાનજી લોડાયા-પાંચોરા, તીલકચંદ મુલજી લાલકા-ચોપડા, કલ્પેશ માણેકજી છેડા-જલગામ, સિધ્ધાંત રાજેન્દ્ર

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

પોલડીયા-જલગામ

**શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, પૂના**

પૂનામાં પર્યુષણ ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવાયેલ. તા.૧૫.૦૯.૨૦૧૫ના મહાવીર જન્મ નિમિતે સપનાજીનો ચઢવાનો લાભ સૌએ લીધેલ. પારણું માતુશ્રી વિજયાબેન દેવજી નાગડા પરિવાર હસ્તે શ્રી જયંત નાગડા દ્વારા પધારાવાયેલ. ત્યારબાદ ભાવના ભણાવાયેલ. તા.૧૮.૦૯.૨૦૧૫ના સામુહિક સાંવત્સરિક પ્રતિક્રમણ કરાયેલ. તા.૨૦.૦૯.૨૦૧૫ના સામુહિક ક્ષમાપના અને સ્વામિવત્સલ ગોઠવાયેલ. શ્રી સંદિપ ભંડારીએ જૈન માઈનોરીટી તરીકેના આપણા અધિકારો તથા લાભ વિશે ઉજાગર કરેલ. શ્રી મિલનભાઈ પટેલે બેંગલોરમાં યોજાનારા I.T. સેમીનાર અંગે માહિતી આપેલ. તપસ્વીરત્નો આ પ્રમાણે હતા ચિરાગ નગાડા-અઠાઈ, જીજ્ઞા સત્રા- અઠાઈ, શ્વેતા ડાઘા-અક્ષયનિધિ અને અઠમ, સંગીતા લોડાયા વિશસ્થાનક તપ અને છઠ તથા નિર્મલાબેન મોમાયા સૌભાગ્યવતી કલ્પવૃક્ષ તપ તથા પંદર ઉપવાસ હતા.

**સાંધવમાં ધર્મ આરાધના**

સાંધવ ગામે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પ.પૂ.તપસ્વીરત્ન આર્યરત્ન સાગરજી મ.સા.ની નિશ્રામાં સુંદર આરાધના થયેલ.

કલ્પસુત્ર પધારાવવાનો લાભ ૧૦૧૧ મણમાં માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ મુલુંડ વાળાએ લિધેલ. કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ એક સદ્‌ગૃહસ્થ હસ્તે વિરચંદ ખોના એ લાભ લિધેલ. ૫૫૧૫૫ મણમાં પારણું ઝુલાવવાનો લાભ : ૧) શ્રી ચાંપશી માણેકજી લોડાયા ૨) શ્રી શામજી નરશી દંડ ૩) શામજી માણેકજી લોડાયા ૪) ગોવિંદજી લાલજી પટેલ ૫) વિપુલ ઠાકરશી પટેલ એ લિધેલ.૧૬૧૬ મણમાં પારણું પધરાવવાનો લાભ શ્રી લાલજી સામજી પટેલ પરિવારે લિધેલ.

બારાસા સુત્ર વહોરાવવાનો લાભ શ્રી કેવલ વીરચંદ મેઘજી ખોના સાંધવવાળાએ લિધેલ. છઠના રંગમંડપ તથા ગંભારો ખાલવાનો લાભ શ્રી વર્ધમાન પદમશી મેઘજી લોડાયા (સાંધવ-વિઠ્ઠલાવાડી) એ લિધેલ.

બીજા દિવસે અનુષ્ઠાનમાં ૩૪ ગાથાઓનો, ૩૪ પરિવારોએ લાભ લિધેલ વિધિ વિધાન માટે કેવલ ગડા પધારેલ.

છઠ્ઠના દિવસે અઢાર અભિષેકનો લાભ અજીત દેવેન નવિનભાઈ માણેકજી લોડાયા થાણા વાળાએ લિધેલ.

પ્રથમ દિવસે કાયમી પૂજા રાખવામાં આવેલ. કુલ ૨૨૫ જણની સંખ્યામાં સાંધવ વાસીઓ, નીયાણી બહેનો, મહેમાનો બહારગામથી મુંબઈ, વાપી, દાવણગીરી, કોઈમ્બતુર પાંચોરા, પારોલા, સેવગાંવ, લોનાવલા, મુંદ્રા, ગાંધીધામ, માંડવી આશ્રમ, લુણી, વરાડીયાથી સારી સંખ્યામાં પર્વની આરાધના કરવા પધાર્યા.

**સાંયરામાં ધર્મ આરાધના**

સાયરામાં તા.૧૪.૦૮.૨૦૧૫ના નીવીમાં ૧૮ જણ તથા અઠ્ઠમ તપમાં ૮ ભાવિકાએ લાભ લિધેલ. પંચ પરમેષ્ઠીના પાંચ એકાષણા શ્રાવણ સુદ ૨ થી ૬ સુધી તા.૧૬.૦૮ થી તા.૨૦.૦૮.૨૦૧૫ સુધી થયા તેમાં ૧૫ ભાવિકો જોડાયા હતા.

પ.પૂ.સા.શ્રી હિતયશાશ્રીજી મ.સા.તથા પ.પૂ.સા.શ્રી ઋજુયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શંત્રુજ્ય ભાવયાત્રા યોજાઈ. સંઘપતિ શ્રી પદમશીભાઈ કુંવરજી લોડાયાના ઘરેથી પંખાવાજ સાથે વાજતે ગાજતે દેરાસર ગયેલ તથા પ.પૂ.સાશ્રી મ.સા.વિધિ સહિત ભાવયાત્રા કરાવેલ દાતા પરિવાર તરફથી ભાથુ આપવામાં આવેલ.

તા. ૧૪.૦૮.૨૦૧૫ના શ્રી ધનબાઈ દામજી રાઘવજી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં ઉત્તમભાઈ, રતિલાલભાઈ, પ્રેમચંદભાઈ, જેઠાભાઈ, કસ્તુરીબાઈએ સારી રમઝટ જમાવેલ. તા.૧૫.૦૮.૧૫ શ્રાવણ સુદ ૧ સ્વ. પંકજ નારાણજી નાગડાની પ્રથમ પુણ્યતિથી તથા સ્વ.નારાણજી વિશનજી નાગડાની આઠમી પૂણ્યતિથી (જખૌ - જલગામ) તરફથી તથા ચિ. મેહુલ ભુપેન્દ્ર મુલજી મોમાયાના જન્મ દિન નિમિત્તે નવાણું પ્રકારી પૂજા ભણાવામાં આવેલ.

તા.૩૦.૦૮.૧૫ શ્રાવણ વદ ૧ ના પ.પૂ.સા.શ્રી હિતયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાશ્રી ઋજૂયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર શ્રી કેવલભાઈ સંગીતકાર


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

હમણાં જ ઉજવેલા ગણેશોત્સવને શરૂ કરવાની લોકમાન્ય ટીળકની ભાવનાથી પ્રેરાઇ સમાજના ઉત્કર્ષ માટે સાથે આવીએ.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

શ્રી મમતાબેન પાઠીની નિશ્રામાં ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પૂજન માતુશ્રી નવલબેન દામજી પદમશી મૈશેરી પરિવાર ગામ નાની સિંધોડીવાળા તરફથી થયેલ. પૂજનમાં રાપરગઢવારી, સુથરી, વાંકુ, સાંધવ, વરાડીયા, ગાંધીધામ, માંડવીથી સંઘો આવેલ.

વરસાદ થાય એ માટે ૭૨ કલાકના જાપ કરેલ. તા.૨૩.૦૮.૨૦૧૫ના શ્રી મયુરભાઈ ચીમનલાલ ધરમશીના જન્મ દિવસ નિમિત્તે મહાકાળી માતાજીની ભાવના થયેલ.

તા.૦૨.૦૯.૨૦૧૫ના ધનબાઈ દામજી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં વરાડીયા સંઘ આવેલ. રાજુભાઈ ઢોલી તથા ઉત્તમભાઈ રતીલાલભાઈ, પ્રેમચંદભાઈ, કસ્તુરીબાઈ ધરમશી સારી રમઝટ જમાવેલ.

તા.૦૬.૦૯.૨૦૧૫ના શ્રી કાંતિલાલ કુંવરજી રાઘવજી લોડાયા તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણપૂજા ભણાવવામાં આવી. તા.૦૬.૦૯.૨૦૧૫ના ચિ.હિતેશ પદમશી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ.

**જ્ઞાતિના આદરપાત્ર કેટરર**
**શ્રી મણીકાંત ધુલ્લાની ટી.વી . પર મુલાકાત.**

પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરી સફળતાનાં શિખરો સર કરનારાં સાહસી ગુજરાતી વ્યક્તિત્વોની મુલાકાત શ્રેણી મુલાકાત ગુજરાતી ગૌરવની .... દૂર દર્શનની ગુજરાતી ચેનલ ડી.ડી ગિરનાર સેટેલાઈટ પર દર સોમવારે રાત્રે ૧૦ થી ૧૦.૩૦ દરમ્યાન એરટેલ (૫૯૧), ટાટા સ્કાય (૮૯૭), ઈન કેબલ (૫૭૩) અને હાથવે (૫૩૨) પર રજૂ થતી હોય છે તેમાં આગમી ૫ ઓકટોબરના આપણી જ્ઞાતિના આદરણીય જયેષ્ઠ કેટરર શ્રી મણીકાંત હીરજી ધુલ્લાની મુલાકાત પ્રસારીત થશે.

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

મનિષ યશવંત ખોના ડી-૪૦૫, ઈલાઈટ લેન્ડ માર્ક, જુવેલી વિલેજ, બદલાપુર (પૂ) મો.૦૯૮૨૦૦૩૩૪૦૬

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૮.૧૫ | ડોબિંવલી | નીશી ભાવિકા કેવલ જયચંદ ધરમશી | તેરા | પુત્રી |
| ૨૬.૦૮.૧૫ | ધુલિયા | ભૂમિ ગુંજન નિખીલ મોમાયા | સાંયરા | પુત્રી |
| ૦૮.૦૯.૧૫ | ડોબિંવલી | કુંદુ નમીતા ખંતીલ વિરચંદ લોડાયા | મંજલરેલડીયા | પુત્રી |
| ૦૮.૦૯.૧૫ | ડોબિંવલી | ક્રિશા નમીતા ખંતીલ વિરચંદ લોડાયા | મંજલરેલડીયા | પુત્રી |
| ૦૮.૦૯.૧૫ | કલકત્તા | કુલવીર-નેહા/નિહાર તેજશ શાહ(લુઠીયા) | રાયધણજર | પુત્ર |
| ૧૧.૦૯.૧૫ | હુબલી | મોક્ષ-મોનિકા/કેતન પ્રવિણ નાગડા | - | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૯.૧૫ | મુલુંડ | ચીત્રાંગ મયુર લાલજી મોતા | તેરા | ૨૬ |
| | અમદાવાદ | ચાંદની વિરેન્દ્ર છેડા | સુથરી | ૨૩ |
| ૨૨.૦૯.૧૫ | મુલુંડ | વિનલ પ્રમેશ હંસરાજ દંડ | સાંધવ | ૨૬ |
| | ડોંબિવલી | પલ્લવી ટેકેન્દ્ર મણીલાલ પોલડીયા | બાયઠ | ૨૪ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૯.૧૫ | ચેમ્બુર | મોહિવ હિરાચંદ કુંવરજી ધરમશી | ગોરખડી | ૨૬ |
| | સુરત | માનસી રાજેશ પ્રણસુખલાલ ભાવસાર | સુરત | ૨૭ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૬.૧૫ | ડોંબિવલી | ઉદિત સંતોષ ખેતશી ધરમશી | જખૌ | ૨૭ |
| | ડોંબિવલી | દર્શના કિશોર વિસનજી છેડા | સુથરી | ૨૪ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૯.૧૫ | ઘાટકોપર | હિરેન દામજી મણશી દંડ | વરાડીયા | - |
| ૨૫.૦૯.૧૫ | ડોંબિવલી | માનબાઈ ઠાકરશી જીવાણી | જખૌ | ૮૪ |
| ૨૬.૦૯.૧૫ | ડોંબિવલી | ચંદાબેન ગોંવદજી ખોના | ધ્રાફા | - |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ
૨૬-૧૨-૧૯૫૩

દેહવિલય
૧-૧૦-૨૦૧૪

## સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયા

વરાડીયા - હૈદરાબાદ

આપના સ્નેહાળ સંબંધો, આત્મીયસભર વહેવાર થકી
અમે સૌ આપના વેવાઈ પણાના સંબંધોથી ભાવવિભોર બન્યા.


**આપની નિરંતર યાદોમાં
અમે અશ્રુવિભોર બન્યા.
આપના સ્નેહ સદભાવ અને
સ્મિતતણી ત્રિમૂર્તિ અમ
હૈયે સદાય ચિરસ્મરણીય રહેશે.**

**શ્રી કિશોર તેજશી વીરા પરિવાર**
બિદડા - બેંગલોર

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલી

જન્મ
૨૬-૧૨-૧૯૫૩



દેહવિલય
૧-૧૦-૨૦૧૪

## સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયા

વરાડીયા - હૈદરાબાદ

કૌટુંબિક વાત્સલ્યતા, સૌ પ્રત્યે આદર ને સ્નેહભાવ,
સહયોગી થવાની ભાવના ધરાવતુ પરોપકારી સ્વભાવ
સાથે હેતભીનું સાદગીભર્યું જીવન જીવીને,
લાગણીસભર સ્મૃતિઓની સુવાસ પ્રસરાવી ગયા
આપનો દિવ્ય આત્મા પરમ પદને
પામે એજ પ્રભુને પ્રાર્થના.

## શ્રી દેવજી આણંદજી મૈશેરી પરિવાર

નલીયા - બેંગલોર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,